# વિદુષી સાધ્વીઓ*

શીતનાં ઝોલાં જે ખમે, લૂની લહેરો ખાય;
ઘર કરે અળખામણાં, તે નર જાત્રાએ જાય.
કવિશ્રી ઉદયરત્નગણિ

પ્રસ્તુત "શ્રી સમેતશિખરજી તીર્થદર્શન" પુસ્તકના પ્રથમ વિભાગમાં પ્રવર્તિની સાધ્વીજી શ્રી રંજનશ્રીજીનું જીવનચરિત્ર આપવામાં આવ્યું છે, એ એક રીતે ઠીક જ થયું છે. સામાન્ય રીતે આજે જૈન વાઙ્મય સામે કેટલાક મહાનુભાવોની ફરિયાદ છે કે, વિશ્વના વિવિધ વાઙ્મયનાં ક્ષેત્રોમાં અનાબાધપણે ગતિ કરનાર અને વિશિષ્ટ-વિશિષ્ટતમ શાસ્ત્રોની રચના કરનાર જૈનાચાર્યોએ જૈન સાધ્વીઓની જીવનકથાઓનું આલેખન કરવા સામે આંખમીંચામણાં કેમ કર્યાં છે? તેમ જ ઉદાસીનતા કેમ ધારી છે? પ્રાચીન જ્ઞાનભંડારોમાં રહેલી બારમા-તેરમા-ચૌદમા સૈકા આદિમાં લખાયેલી હસ્તપ્રતિઓના અંતમાં લખાયેલી લેખકોની પુષ્પિકામાં ઉદયશ્રી મહત્તરા, સુમેરુસુંદરી મહત્તરા, પ્રભાવતી મહત્તરા, પરમશ્રી મહત્તરા, અજિતસુંદરી ગણિની, જગસુંદરી ગણિની, નિર્મલમતિ ગણિની, દેવસિરિ ગ૦, જિનસુંદરી ગ૦, કીર્તિશ્રી ગ૦, તિલકપ્રભા ગ૦, ધર્મલક્ષ્મી ગ૦, મરુદેવી ગ૦, વિનયશ્રી ગ૦, બાલમતિ ગ૦, મહિમા ગ૦, શ્રીમતી ગ૦, માનસિદ્ધિ ગ૦, પુણ્યસિદ્ધિ ગ૦, શાંતિવલ્લરી ગ૦, જગમત ગ૦, સાધ્વી નલિનપ્રજ્ઞા, સા૦ કેવલપ્રભા, સા૦ ચારિત્રલક્ષ્મી, સા૦ પદ્મલક્ષ્મી, સા૦ ભાવસુંદરી, સા૦ મયણાસુંદરી, સા૦ ભુવનસુંદરી આદિ સંખ્યાબંધ મહત્તરા, ગણિની, પ્રવર્તિની, તેમ જ સાધ્વીનાં નામોની હારમાળા જોવામાં આવે છે. આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ ભગવાને આવશ્યકસૂત્રવૃત્તિ, દશવૈકાલિકસૂત્રવૃત્તિ આદિ અનેક ગ્રંથોમાં પોતાની ધર્મમાતા મહત્તરાના નામને "महत्तराया याकिन्या धर्मपुत्रेण चिन्तिता।" "कृतिरियं सिताम्बराचार्यजिनभट( भद्रपाठा० )निगदानुसारिणो विद्याधरकुलतिलकाचार्यजिनदत्तशिष्यस्य धर्मतो जाइणिमहत्तरासूनोरल्पमतेराचार्यहरिभद्रस्येति" ઇત્યાદિ ઉલ્લેખો દ્વારા ચિરંજીવ બનાવ્યું છે. આચાર્ય શ્રી સિદ્ધર્ષિરચિત ઉપમિતિભવપ્રપંચા કથાગ્રંથની પ્રથમ પ્રતિ સાક્ષાત શ્રુતદેવતા સ્વરૂપ શ્રીમતી ગણા નામની સાધ્વીએ લખી હતી, જેના નામનો અમર ઉલ્લેખ આચાર્ય સિદ્ધર્ષિએ પોતે પ્રશસ્તિમાં આ પ્રમાણે કર્યો છે :

---

* 'શ્રી સમેતશિખર તીર્થદર્શન,' વિભાગ ૧ થી ૫નું (પ્રકાશક: શ્રી સમેતશિખર જીર્ણોદ્ધાર સમિતિ, સં. ૨૦૨૦) આમુખ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" प्रथमादर्शं लिखिता साध्व्या श्रुतदेवतानुकारिण्या ।
दुर्गस्वामिगुरूणां शिष्यिकयेयं गणाभिधया ॥ २१ ॥ "

મલધારી આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિજીએ વિશેષાવશ્યક ટીકાના અંતમાં પોતાના જીવનમાં સવિશેષ પ્રેરણારૂપ આદરણીય વ્યક્તિઓનાં નામોનો ઉલ્લેખ આ રીતે કર્યો છે—

ततश्चाभयकुमारगणि–धनदेवगणि–जिनभद्रगणि–लक्ष्मणगणि–विबुधचन्द्रादिमुनिवृन्दश्री महानन्द श्री महत्तरा–वीरमतीगणिन्यादिसाहाय्यात् ' रे रे ! निश्चितमिदानीं हता वयम् यद्येतन्निष्पद्यते, ततो धावत धावत, गृह्णीत, लगत लगत ' इत्यादिपूत्कुर्वतां सर्वात्मशक्त्या युगपत् प्रहरतां हाहारवं कुर्वतां च मोहादिचरटानां चिरात् कथं कथमपि विरचय्य तद्द्वारे निवेशितमेतदिति । ततः शिरो हृदयं व हस्ताभ्यां कुट्टयन् विषण्णो मोहमहाचरटः समस्तमपि विलक्षीभूतं तत्सैन्यम्, निलीनं च सनायकमेव । "

આ ઉલ્લેખમાં આચાર્યે મહાનન્દશ્રી મહત્તરા અને વીરમતી ગણિનીનાં નામો આપ્યાં છે, તે અતિ મહત્ત્વસૂચક વસ્તુ છે.

જ્ઞાનશ્રી નામની આર્યાએ न्यायावतारसूत्रની સિદ્ધર્ષિ આચાર્યકૃત ટીકા ઉપર ટિપ્પણી રચી છે, જે આજે જેસલમેરના જ્ઞાનભંડારમાં વિદ્યમાન છે. તેમાં અંતિમ પદ્ય આ પ્રમાણે છે—

इति सन्निधाय चित्ते ज्ञानश्रीराधिका गुणैर्वया ।
आचार्यसर्वदेवैर्निजगुरुभिः प्रेरिता सपदि ॥

ગુણસમૃદ્ધિ મહત્તરાએ વિક્રમ સંવત્ ૧૪૦૦માં અંજનાસુંદરી કથા પ્રાકૃતની રચના કરી છે. આજે એ ખંડિત હાલતમાં જેસલમેરના જ્ઞાનભંડારમાં વર્તમાન છે. એની પ્રશસ્તિ આ મુજબ છે—

सिरिजेसलमेरपुरे विक्कमचउदहसतुत्तरे वरिसे ।
वीरजिणजम्मदिवसे कियमंजणसुंदरीचरियं ॥ ५०२ ॥
कृतिरियं श्री जिनचन्द्रसूरिशिष्यिणी श्रीगुणसमृद्धिमहत्तरायाः ॥

ઉપર અનેક દૃષ્ટિએ સાધ્વીઓનાં નામોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જે જોતાં આપણને એમ લાગે છે કે જૈન સાધ્વીઓએ જૈન શાસનની ઉન્નતિમાં પોતાના જીવનનો વિશિષ્ટ ફાળો આપ્યો છે અને શ્રમણ–વીર–વર્ધમાન પ્રભુના શાસનને પ્રભાવિત કર્યું છે. પાટણ, માતર આદિમાં સાધ્વી મહત્તરાની પ્રાચીન મૂર્તિઓનાં દર્શન થાય છે, છતાં આશ્ચર્ય તો છે જ કે કોઈ પણ એવી શાસનપ્રભાવિકા મહત્તરા, ગણિની કે સાધ્વીની જીવનકથા આજે આપણા સામે નથી. એક રીતે જૈન વાઙ્મયમાં આ ખામી જ છે. અસ્તુ. વર્તમાન યુગમાં અનેક સાધ્વીઓનાં નાનાં-મોટાં જીવનચરિત્રો લખાઈ રહ્યાં છે એ હર્ષની વાત છે.

પ્રવર્તિની સાધ્વીજી શ્રી રંજનશ્રીજીનું જીવનચરિત્ર ભાઈશ્રી ધીરુભાઈ શાહની કલમથી લખાયું છે, એટલે મારે કોઈ ખાસ લખવાનું રહેતું નથી. છતાં સાધ્વીજી શ્રી રંજનશ્રીજીએ અતિ બાળવયમાં પોતાનાં માતુશ્રી સાથે ચારિત્ર લઈ, જ્ઞાનાભ્યાસ કરી જીવનને ત્યાગ–તપો–વૈરાગ્યમય બનાવવા યથાશક્તિ સવિશેષ પ્રયત્ન કર્યો છે, જેના પ્રભાવે તેમને એક સારો એવો ગુણગણસુશોભિત સાધ્વીસમુદાય પણ છે. શ્રી સમેતશિખરજી તીર્થનો જીર્ણોદ્ધાર એ એમના જીવનનું મહાન કાર્ય છે, એ એક સત્ય હકીકત છે. મંદિરની પ્રતિષ્ઠા સમયે શ્રી રંજનશ્રીજી પોતાના સાધ્વીસમુદાય સાથે ઉગ્ર વિહાર કરી યથાસમય ત્યાં પહોંચી શક્યાં અને તે કાર્ય પૂર્ણ થતાં તરત જ પાછાં વળી અમદાવાદ માતૃ–

Jain Education International        For Private & Personal Use Only        www.jainelibrary.org

ગુરુણીની સેવામાં પહોંચી ગયાં. એ એમની જીવનસાધનાનું વિશિષ્ટ ફળ છે. આજે પરાકાષ્ઠાએ પહોંચેલ જ્ઞાનદશામાં પણ તેઓ સમાધિમગ્ન છે, એ એમની જીવનસાધનાનું જ બળ છે અને આખા જીવનનાં કાર્યોનો ખરો સરવાળો એ જ છે.

સમેતશિખરજી તીર્થનો ઉલ્લેખ જ્ઞાતાધર્મકથાંગસૂત્રના આઠમા મલ્લી અધ્યયનમાં તેમ જ વ્યવહાર ભાષ્યમાં આવે છે. આ પછીના ચાર વિભાગોમાં સમેતશિખરજી તીર્થનો જીર્ણોદ્ધાર, પ્રતિષ્ઠા, ઉત્સવ, ઐતિહાસિક રાસ, ટૂંકોનો પરિચય, તીર્થદર્શન, સમેતશિખરના ઉદ્ધાર આદિમાં ભાગ લેનાર અને સેવા આપનારનો પરિચય અને અમદાવાદથી સમેતશિખર જવાનો માર્ગ ઇત્યાદિ વસ્તુ આપવામાં આવી છે. તીર્થને લગતાં કેટલાંક ફોટોગ્રાફી ચિત્રો પણ આપવામાં આવ્યાં છે. આ રીતે આ પુસ્તક એ મહત્ત્વનું પુસ્તક બની ગયું છે.

અંતમાં પ્રસ્તુત સમેતશિખર તીર્થની રક્ષા યાત્રાદિ કરનાર સૌને ધન્યવાદ આપી મારું સંક્ષિપ્ત વક્તવ્ય પૂર્ણ કરું છું.

['શ્રી સમેતશિખરતીર્થ દર્શન'નું આમુખ, સં. ૨૦૨૦]



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org